ચિલ્ડ્રનન્સ રિસર્ચ યુનિવર્સિટી
ડિપાર્ટમેન્ટ ઑફ રિચર્સ પ્રોગ્રામ

---

**Ph.D. સિનોપ્સીસ સબમિશન, પ્રિ સબમિશન ઑફ થિસિસ, ફાઈનલ વાયવા વોસી અને ફાઈનલ થિસિસ સબમિશન સમયે ધ્યાનમાં રાખવાની અગત્યની બાબતો**

---

## સિનોપ્સીસ સબમિશન

* Ph.D. ફૂલ ટાઈમ અને પાર્ટટાઈમ વિદ્યાર્થી Ph.D. રજિસ્ટ્રેશનના ૩૦ મહિના બાદ સિનોપ્સીસ જમા કરાવી શકશે.
* સિનોપ્સીસમાં નીચેની બાબતનો સમાવેશ થવો જોઈએ :
  (a) the objectives, nature and scope of the work done,
  (b) the principal conclusions,
  (c) the contribution made to the body of knowledge on the subject,
  (d) bibliography/ references
* સિનોપ્સીસ ૩૦૦૦ થી ૫૦૦૦ શબ્દોમાં, A-4 સાઈઝના કાગળમાં, ડબલ સ્પેશ રાખીને, ડાબી બાજુએ 1.5 ઈંચનું માર્જિન તથા બાકીની ત્રણેય બાજુએ એક ઈંચનું માર્જિન રાખી તૈયાર કરવી.
* ફોન્ટ સાઈઝ અને પ્રકાર : (I) પ્રકરણ અને એપેડિક્ષનું શીર્ષક 14 ના ફોન્ટ રાખી બોલ્ડ કરવા
  (II) મુખ્ય અને પેટા મુદ્દાઓ 12 ના ફોન્ટ રાખી બોલ્ડ કરવા
  (III) પ્રકરણ / પેરેગ્રાફનું લખાણ ડબલ સ્પેશ રાખી 12 ના ફોન્ટ રાખવા
  (IV) ફૂટ નોટ / એન્ડ નોટસ્ : 10 ના ફોન્ટ
  (V) રેફરન્સ અને બીબલીઓગ્રાફી : 12 ના ફોન્ટ
  (VI) એપેન્ડીક્ષની અંદરનું લખાણ : 10 ના ફોન્ટ
  (VIII) ફોન્ટનો પ્રકાર (I) અંગ્રેજી માટે : Times New Roman
  (II) ગુજરાતી માટે : શ્રુતિ
  (III) હિન્દી – સંસ્કૃત માટે : મંગલ

*   ઉપરોક્ત સૂચના મુજબ તૈયાર કરલે સિનોપ્સીસની એક હાર્ડ કોપી (સ્પાયરલ વગર) તથા એક PDF અને વર્ડની સોફ્ટ કોપી ડિપાર્ટમેન્ટ ઑફ રિસર્ચ પ્રોગ્રામમાં જમા કરાવવી. સિનોપ્સીસના પ્રથમ (Title Page) અને છેલ્લા પેજ પર માર્ગદર્શકના સહિ-સિક્કા તથા વિદ્યાર્થીની સહી અચૂક કરવી. પ્રથમ પેજ આપેલા નમૂના પ્રમાણે જ બનાવવું. PDF પણ સહી-સિક્કા સાથેની જ સ્કેન કરવી.

<u>ખાસ નોંધ</u> : ભાષાઓના વિદ્યાર્થી સિવાય ગુજરાતી માધ્યમમાં થિસિસ તૈયાર કરતાં વિદ્યાર્થીએ ગુજરાતી અને અંગ્રેજી બન્ને ભાષામાં સિનોપ્સીસ ની એક – એક હાર્ડ તથા PDF અને વર્ડ કોપી જમા કરાવવી.

## ⇨ <u>સિનોપ્સીસ સાથે જમા કરાવવાના દસ્તાવેજની યાદી</u>

* દરેક સેમેસ્ટરની સત્ર ફી ભર્યાની પાવતીની નકલ
* Ph.D. ફાઈનલ રજિસ્ટ્રેશન સર્ટીફિકેટની નકલ
* કોર્સવર્ક પૂર્ણ કર્યાના સર્ટીફિકેટની નકલ (જો હોય તો)
* દરેક DRC/RAC રિપોર્ટની નકલ
* Ph.D. દરમિયાન નેશનલ/ઇન્ટરનેશનલ ફોન્ફરન્સ/ સેમિનારમાં સહભાગી થઇ રજૂ કરેલ કુલ બે સંશોધન પેપરનું પ્રમાણપત્ર
* Ph.D. દરમિયાન UGC Care List અથવા Peer Reviewed જર્નલમાં પ્રકાશિત થયેલ એક સંશોધન પેપર (આખું સંશોધન પેપર જમા કરાવવું)
* સિનોપ્સીસની સોફ્ટ કોપી વર્ડ તથા PDF ફોર્મેટમાં phdsection@cugujarat.ac.in પર મેઈલ કરવો રહેશે.
* RAC દ્વારા RAC રિપોર્ટમાં સિનોપ્સીસ સ્વીકારવા અંગેની ભલામણ કરેલી હોવી જોઈએ, એટલેકે પહેલાં સિનોપ્સીસ RAC સમક્ષ રજૂ કરવાની રહેશે, ત્યારબાદ RAC દ્વારા કોઈ સૂચન હોય તો તે સૂચન પ્રમાણે સુધારો કરી ફરી RAC સમક્ષ સિનોપ્સીસ રજૂ કરવાની થશે અને જયારે RAC સિનોપ્સીસ સ્વીકારવાની ભલામણ કરે ત્યારબાદ જમા લેવામાં આવશે. RAC ના દિવસે સિનોપ્સીસ સ્વીકારનું ભલામણ કરેલ પત્રક અવશ્ય લઇ જમા કરાવવું.

<u>ખાસ નોંધ :</u> (1) સિનોપ્સીસ જમા કરાવતા સમયે માર્ગદર્શકનો ફોરવાર્ડીંગ લેટર અવશ્ય લાવવો અને તેમાં ઉલ્લેખ કરવો કે RAC દ્વારા સૂચવેલ સુધારાઓ (જો હોય તો) થઇ ગયેલ છે અને RAC એ સિનોપ્સીસ જમા કરવાની ભલામણ કરેલ છે.

(2) ત્યારબાદ, ડિપાર્ટમેન્ટ ઑફ રિસર્ચ પ્રોગ્રામ દ્વારા સૂચના આપવામાં આવે ત્યારે આપવામાં આવેલ લિંક પર જઈ સિનોપ્સીસ ફી રૂપિયા ૨,૫૦૦/- દિન – ૩ માં અચૂક ભરી દેવી. ફી ભર્યાની પાવતીની નકલ ડિપાર્ટમેન્ટ ઑફ રિસર્ચ પ્રોગ્રામમાં જમા કરાવ્યા બાદ જ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

# Ph.D. થિસિસનો પ્રિ- સબમિશન સેમિનાર

* શીર્ષકથી લઈને એપેન્ડીક્ષ સુધીની સંપૂર્ણ તૈયાર કરેલ સ્પારલ બાઈન્ડીંગ કરેલ થિસિસનું પ્રેઝેન્ટેશન RAC સમક્ષ કરવાનું રહેશે (થિસિસની એક નકલ જમા કરાવ્યા બાદ જ થિસિસ પ્રિ-સબમિશન સેમિનારની તારીખ નક્કી થશે.)

The Format of the thesis shall be as follows. The following specifications should be maintained in the pre & final presentation of the thesis.

[i] The paper used for printing shall be of A4 size.

[ii] The printing shall be in a standardized form on one side of the paper and in one and-half spacing.

[iii] A margin of one-and- half inches shall be on the left hand side.

[iv] The title of the thesis, name of the student, degree, name of the Research Supervisor, place of research and the month and year of submission shall be printed on the title page and the front cover.

[v] The colour of the cover should be preferably dark. Side cover should mention “Ph.D. thesis” on the top, name of the student, month and year.

[vi] Font Size: The font size mentioned below is in reference to Times New Roman (English), Shruti (Gujarati), Mangal (Hindi/Sanskrit). However, any type of font matching the suggested size will be accepted. The candidate has to observe that the fonts used are not highly decorative.

(i) Title of Chapter and Appendix : 14 points, Bold
(ii) Title of point/ sub-title : 12
(iii) Chapter text : 12 points with double space
(iv) Foot note/ End notes : 10 points
(v) Reference and Bibliography : 12 points
(vi) Appendices Text : 10 Points

[vii] The candidate shall follow all the specifications that are issued by the University from time to time.

* પ્રેઝેન્ટેશન સમયે થિસિસનો સારાંશ રજૂ કરતું PPT RAC સમક્ષ રજૂ કરવાનું રહેશે તથા PPTની સોફ્ટ અને હાર્ડ કોપી માર્ગદર્શક અને વિદ્યાર્થીની સહી સાથે ડિપાર્ટમેન્ટ ઑફ રિસર્ચ પ્રોગ્રામમાં જમા કરાવવાની રહેશે.

* Pre-Submission અંગેનું નિયત નમૂનાનું સર્ટીફિકેટ RAC ના દિવસે મેળવી લેવું.

* RAC દ્વારા જો કોઈ સૂચન કરવામાં આવે તો એ મૂજબ સુધારા કરી સુધારેલ થિસિસ ફરીથી જમા કરાવવાની રહેશે અને તેનું ફરીથી RAC સમક્ષ presentation કરવાનું રહેશે. RAC દ્વારા થિસિસ સ્વીકારવા અંગેની ભલામણ મળ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

* RAC એ થિસિસ જમા કરવાની મંજૂરી આપ્યા બાદ યુનિવર્સિટીએ સૂચિત કરેલ સોફ્ટવેર પર Plagiarism ચેક કરી માર્ગદર્શક અને વિદ્યાર્થીની સહી સાથે નિયત નમૂના મુજબનું Plagiarism સર્ટીફિકેટ જમા કરાવવાનું રહેશે.

**<u>ખાસ નોંધ : પ્રિ-સબમિશન સેમિનાર બાદ થિસિસ જમા કરાવતા સમયે.</u>**

(I) માર્ગદર્શકનો ફોરવાર્ડીંગ લેટર

(II) સંપૂર્ણ થિસિસ PDF (ટાઇટલ પેજથી લઈને આગળના તમામ પ્રમાણપત્રો, અનુક્રમણિકા, ટેબલ / ગ્રાફ લિસ્ટ, તમામ પ્રકરણ તથા સંશોધન પેપર રિડિંગ, પબ્લીકેશન સાથે તમામ એપેનડીક્ષ સાથેની PDF બનાવવી.)

(III) સંપૂર્ણ થિસિસ સ્પાયરલ બાઈન્ડીંગમાં – એક નકલ

(IV) માર્ગદર્શક દ્વારા તૈયાર કરવામાં આવેલ જે તે વિષયના ગુજરાતનાં પાંચ અને ગુજરાત બહારના પાંચ Ph.D. માર્ગદર્શક (૬૨ વર્ષથી ઓછી ઉંમરવાળા)ના નામ-સરનામા – ફોન – ઈમેલ સાથેની યાદીનું બંધ કવર (આપેલ નમૂના પ્રમાણે)

(V) થિસિસના આગળના ભાગમાં, કોર્સવર્ક પૂર્ણ કર્યાનું પ્રમાણપત્ર, થિસિસ પ્રિ-સબમિશન અંગેનું પ્રમાણપત્ર, Plagiarism અંગેનું પ્રમાણપત્ર વગેરે.

(VI) થિસિસના પાછળના ભાગે એપેન્ડીક્ષ તરીકે, બે સેમિનાર/ કોન્ફ્રન્સ માં રજૂ કરેલ સંશોધન પેપરના પ્રમાણપત્રની નકલ તથા UGC CARE List અથવા Peer Reviewed જર્નલમાં પ્રકાશિત થયેલ એક આખા સંશોધન પેપરની નકલ, પ્રશ્નાવલી , કસોટી, માહિતીપત્રક, ફોટાઓ વગેરે.

(VII) પ્રિ-સબમિશન સેમિનારમાં હાજર રહેલ ફેકલ્ટી, વિદ્યાર્થી અને અન્ય વ્યક્તિઓની હાજરીની યાદી.

*********